

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામની ૯ વર્ષની બાળાનું ૧૨ દિવસ પહેલા શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કારણે મોત થયું હોવાનું જણાતાં આરોગ્ય વિભાગની ટીમે ગામના દરેક ઘરનો સર્વે કર્યો હતો. (તસવીર : પંકજ યાદવ)

### ઘોઘંબાના લાલપુરી ગામમાં પણ ચાંદીપુરાનો કહેર

# લાલપુરી ગામમાંથી ચાંદીપુરા વાયરસ ફેલાવતી ૭૦ સેન્ડફ્લાય મળી આવી

ગોધરા,તા.૧૮

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે ૧૨ દિવસ પહેલા ૯ વર્ષની બાળકીનું શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસને કારણે મોત થયું હતું. જેને લઈને જિલ્લા આરોગ્ય વિભાગની સર્વેલન્સની ટીમ દ્વારા આજે લાલપુરી ગામમાં ચેકિંગ હાથ ધરાયું હતું.

## ૧૨ દિવસ પહેલા ૯ વર્ષની બાળાનું શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કારણે મોત થયું હતું

જિલ્લા આરોગ્ય વિભાગની સર્વેલન્સની ટીમે ચકાસણી દરમ્યાન લાલપુરી ગામમાંથી ૭૦ જેટલી સેન્ડફ્લાયને પકડીને તેના નમુના ટેસ્ટ માટે પુના ખાતેની લેબમાં મોકલ્યા છે. જે બાળકીનું શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કારણે મોત થયું છે, તેના ઘરમાંથી પણ ૨ સેન્ડફ્લાય માખી મળી આવી છે. આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, લાલપુરી ગામની બાળકીની ગત તા.૪થીએ અચાનક તબિયત લથડાતા તાત્કાલિક વડોદરા ખાતે પારુલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં બે દિવસની સારવાર બાદ તેનું તા.૬ઠ્ઠીએ શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કારણે મોત થયું હતું.

હાલ જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમે લાલપુરી ગામમાં સર્વે હાથ ધર્યુ છે. જ્યારે બે દિવસ પહેલા ગોધરા તાલુકાના કોટડા ગામની પાંચ વર્ષની બાળકીનું પણ શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કારણે મોત થતાં જિલ્લા આરોગ્ય વિભાગની ટીમનો કાફલો કોટડા ખાતે પહોંચ્યો હતો અને મૃતક બાળકીના ઘરની મુલાકાત લેતાં તેના મકાનની દીવાલની તિરાડોમાં પણ દવાનો છંટકાવ કરાયો હતો. તકેદારીના ભાગરૂપે ગામના તમામ લોકોને તકેદારી રાખવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

### ચાંદીપુરાથી ૦થી ૧૪ વર્ષ સુધીના બાળકોને વધુ જોખમ

# દાહોદ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ફીવર સર્વે હાથ ધરાયો

દાહોદતા.૧૮

ચાંદીપુરા વાયરસે ગુજરાતમાં એન્ટ્રી મારતા તમામ જિલ્લાઓમાં આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે.નવા વાયરસને લઈ દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ સર્વેલન્સ હાથ ધરાયું છે.દાહોદ જિલ્લામાં હાલમાં કોઈ ચિંતાજનક સ્થિતિ નથી અને કેસ પણ જોવા મળ્યો નથી.

## સેન્ડફલાય તેની ઉત્પત્તિ માટે ઈંડા મૂકે છે તેમાંથી મચ્છરની જેમ ઈયળ, માખી બને છે

સાબરકાંઠા,અરવલ્લી,ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં ચાંદીપુર વાયરસના કેસ મળ્યા છે.દાહોદમાં આરોગ્ય તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સ વધાર્યું છે.આ વાયરસ મુખ્યત્વે ૦થી ૧૪ વર્ષ સુધીના બાળકોને શિકાર બનાવે છે.જેથી વાલીઓ સાવધાની રાખે તે જરૂરી છે.વાયરસને લઈ જિલ્લા અત્યારે ખૂબ જ તંત્ર સતર્ક બન્યું છે. સેન્ડફ્લાય એક એવુ જીવજંતુ છે,જે ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દિવાલ પર ભેજવાળા વાતાવરણમાં રહે છે.સેન્ડફ્લાય તેની ઉત્પત્તિ માટે ઈંડા મૂકે છે તેમાંથી મચ્છરની જેમ ઈયળ,કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે.આ સેન્ડ ફ્લાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે.ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં ખાસ કરી ગાર-લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડો તેમજ દિવાલમાં રહેલા નાના છિદ્રોમાં તે રહે છે.વધુમા જિલ્લા વિકાસ અધિકારીએ દાહોદ જિલ્લાની તમામ સ્કૂલો અને આંગણવાડી ખાતે આઈ.ઈ.સી. કરવી અને બાળકોને માહિતગાર કરવા શાળા અને આંગણવાડીમાં IEC માં જણાવ્યા મુજબ ચાંદીપુરા વાયરસના લક્ષણો જણાય તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી સારવાર લેવા જણાવ્યું છે. આરોગ્ય ટીમ દ્વારા જિલ્લાની તમામ આંગણવાડીઓ, તેમજ શાળાઓ ખાતે વિદ્યાર્થીઓને ચાંદીપુરા વિશે વિસ્તાર પૂર્વક જાણકારી આપી રહી છે.

### વાયરસ અંગે તકેદારી રાખવાની બાબતો

એન્સેફિલાઈટીસ નામનો તાવના બાળકોને પ્રારંભિક તબક્કામાં તાવના લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવવી જોઈએ,જરૂરી રીપોર્ટ કરાવવા જોઈએ.આ વાયરસનાં ફેલાવો મચ્છર તેમજ સેન્ડફ્લાય એટલે કે માટીના વિસ્તારમાં રહેતી માખીથી થતો હોય છે .જેથી માટે માખીનો નાશ કરવો જરૂરી છે.ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવા ઉજાસ (સૂર્ય પ્રકાશ આવે) રહે તેવી વ્યવસ્થા કરવી. ૦થી ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સૂવડાવવાનો આગ્રહ રાખો.બાળકોને શક્ય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધુળમાં) રમવા દેવા નહીં.

### ચાંદીપુરા તાવના લક્ષણો

બાળકને સખત તાવ આવવો, ઝાડા થવા- ઊલ્ટી થવી, ખેંચ આવવી, અર્ધભાન કે બેભાન થવું.

### વર્ષ ૧૯૬૬માં ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ નોંધાયો

કેસ મહારાષ્ટ્રના નાગપુર નજીકના ચાંદીપુરા વિસ્તારમાં દેખાયો હતો. જેથી કરી તેનું નામ ચાંદીપુરા રાખ્યું છે. મુખ્યત્વે આ વાયરસના કેસો આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે. વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૬ અને ૨૦૧૯ મા કેસ જોવા મળ્યા હતા. ચાંદીપુરા વાયરસ આર.એન.એ. વાયરસ છે. જે મોટેભાગે માદા ફ્લેબોટોમાઈન ફ્લાય દ્વારા ફેલાતો હોય છે.આ વાયરસનાં ભોગ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો બને છે. તેનો મૃત્યુદર સૌથી વધુ છે.

# મકાનમાં સંતાડેલા વિદેશી દારૂના જથ્થા સાથે બે બૂટલેગર ઝડપાયા

ગોધરા,તા.૧૮

પંચમહાલ એલસીબી પોલીસે ગોધરા તાલુકાના છબનપુર ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પંચમહાલ એલસીબી પોલીસનો સ્ટાફ ગઈકાલે બપોરે પેટ્રોલીંગમાં હતો, ત્યારે છબનપુર ગામે હોળી ફળિયાના એક રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો રાખીને વેચાણ કરવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે મકાનમાં છાપો માર્યો હતો. પોલીસે મકાનમાં તલાશી લેતાં રૂ.૧૧,૦૪૦નો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી બૂટલેગર અરવિંદસિંહ માધુસિંહ ચૌહાણ અને ઈશ્વરભાઈ સુખાભાઈ ભાભોરની અટકાયત કરી બંને સામે ગોધરા તાલુકા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.


**PROPERTY FOR SALE/LEASE**

150000 SQFT PLOT AREA
37000 SQFT SHED AREA
BOUNTRY WALL COVERED
HIGHWAY TOUCH PROPERTY100
TONNE WEIGHT BRIDGE FACILITY
105 HT CONNECTION AVAILABLE
LABOUR QUARTERS
GUEST HOUSE RO PLANT
Address : Block No.122 Town-Dhamdod,N.H.48 Highway Touch,Near Panoli GIDCTaluka - Mangrol City - Surat-394125
Mo. 97146 14700 / 90997 67685



**M POWER MICRO FINANCE PVT. LTD.**

અમે માઈક્રો ફાયનાન્સ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને મહેનતુ વ્યકિતઓ શોધી રહયા છીએ. હાલમાં અમે નીચે મુજબની જગ્યાઓ માટે નિમણુંક કરવા માટે ભરતી કરી રહયા છીએ.
**(લોકેશન : ફતેપુરા, ગરબાડા, સંજેલી, મોરવા હડફ)**

**ફિલ્ડ ઓફીસર :** ઉમેદવાર ૧૨ પાસ કે તેથી વધુ, અનુભવી અથવા ફ્રેશર, ઉ.વ.૧૮ થી ૩૦ વર્ષ.
**બ્રાન્ચ મેનેજર :** ઉમેદવાર કોઈપણ ક્ષેત્રમાં ગ્રેજ્યુએટ, ઓછામાં ઓછો ૨ વર્ષનો બ્રાન્ચ મેનેજરનો ફાઈનાન્સ ક્ષેત્રમાં અનુભવ જરૂરી, ઉ.વ. ૨૩ થી ૩૨ વર્ષ.
**ઓડિટ ઓફીસર :** ઓછામાં ઓછો ૧ વર્ષનો ઓડિટનો અનુભવ હોવો જરૂરી ઉ.વ. ૨૩ થી ૩૨ વર્ષ.

ઈન્ટરવ્યુ માટે બાયોડેટા, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, આધાર,પાન,ડ્રાઈવીંગ લાયસન્સ છેલ્લા ૩ માસની પગાર સ્લીપ(ચાલુ સર્વિસની), છેલ્લા કામના અનુભવના પ્રમાણપત્ર વગેરે સાથે લઈને આવવું.
(પોતાનું ટુ-વ્હિલર અને લાયસન્સ ફરજીયાત)

**વોક ઈન ઈન્ટરવ્યુ**
તા. ૧૯ અને ૨૦ જુલાઈ ૨૦૨૪
સમય : સવારે ૧૦.૦૦ થી ૬.૦૦

-: દાહોદ :-
શોપ નં. ૫, રોયલ કોમ્પલેક્ષ, ઝાલોદ રોડ, છાપરી, દાહોદ.

-: સંતરામપુર :-
ઘર નં. ૧૦૨૬,આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની સામે, મુ.નરસીંહપુર,ગામ–સંતરામપુરા,જી.પંચમહાલ.
Contact : 9326771038 / 7043006425 / 7043371700 / 9987889060


### પાદરા તાલુકાના વડુ ચોકડી પાસે

# બાઈકના રિપેરીંગના બિલ બાબતે બોલાચાલી થતાં લોખંડનું પાનું માર્યું

પાદરા,તા.૧૮

પાદરા તાલુકાના વડુ ચોકડી પાસે રીપેરીંગ માટે આવેલી બાઈકના વધુ બિલને લઈને ગ્રાહક અને ગેરેજ માલિક વચ્ચે બોલાચાલી થતાં ગેરેજ માલિકે લોખંડનું પાનું લઈ ગ્રાહકને હાથમાં મારી દઈ ગડદાપાટુનો માર મારતાં ગેરેજ માલિક સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.

## બાઈક માલિકે બદલેલા પાર્ટ બતાવવાનું કહેતાં ગેરેજ માલિકે ઉશ્કેરાઈને ગાળો ભાંડી

વડુ ગામે બંટીવાડ વિસ્તારમાં રહેતા કિશન રાજુભાઈ ચુનારાએ તેની બાઈક વડુ ચોકડી પર મહાદેવ ઓટો ગેરેજના માલિક યોમેશ અભેસિંહ પઢીયારને ત્યાં રિપેરીંગ માટે આપી હતી. જે સમયે ગેરેજ માલિકે તેને રિપેરીંગના રૂ.૩૦૦૦ થી ૩૫૦૦ થવાનું જણાવ્યું હતું. જે રીપેરીંગ થઈ જતાં કિશનભાઈ તેમના પિતા સાથે બાઈક લેવા ગયા હતાં. જે દરમ્યાન ગેરેજ માલિકે રીપેરીંગનો ખર્ચ રૂ.૫,૮૭૦ થયો હોવાનું જણાવતાં વધુ બિલ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં કિશને બાઈકના પાર્ટ્સ બતાવવાનું કહેતાં ઉશ્કેરાયેલા ગેરેજ માલિકે તે વેચી દીધા હોવાનું અને બાઈક નહીં આપું તેમ કહી ગાળો બોલી લોખંડનું પાનું કિશનના હાથમાં મારી ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત કિશન ચુનારાને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. જે બનાવ અંગે તેણે ગેરેજ માલિક યોમેશ પઢીયાર સામે વડુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# શહેરાના ડોકવા ગામે દીપડાએ મકાન પાસે બાંધેલી વાછરડીનું મારણ કર્યું

શહેરા તા.૧૮

શહેરા તાલુકાના ડોકવા ગામે દીપડાએ રહેણાંક મકાનની બાજુમાં બાંધી રાખેલ વાછરડીનું મારણ કર્યું હતુ.

## વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી

શહેરા તાલુકાના કેટલાક ગામોમાં કેટલીક વખત રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસા આવતો હોવાની સાથે પશુઓનું મારણ કરતો હોવાનું સામે આવે છે. ડોકવા ગામે રહેતા રમીલાબેન વજેસિંહ પરમારે તેમના રહેણાંક મકાનની બાજુમાં આવેલા ખુલ્લી જગ્યાએ તેમની વાછરડી બાંધેલ હતી.તે સમય દરમ્યાન બુધવારની મધ્ય રાત્રે દિપડો રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવ્યો હતો.તે દીપડાએ રમીલાબેનની વાછરડીનું મારણ કર્યું હતું.દીપડાએ વાછરડીનું મારણ કર્યું હોવાની જાણ થતાં શહેરા વનવિભાગને થતાં વન કર્મીઓએ ઘટના પહોંચી તપાસ હાથ ધરી હતી.તેની સાથે જ સ્થાનિક લોકોને જરૂરી સૂચનાઓ આપી હતી.

# પાદરાના ગ્રામ્ય વિસ્તારોમાંથી મગર અને અજગરને રેસ્ક્યૂ કરાયા

પદરા,તા.૧૮

પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી વન વિભાગ અને પ્રાણી જીવરક્ષક સંસ્થાએ ૮ ફુટનો મગર અને વિશાળ અજગરનું રેસ્ક્યુ કર્યું હતું.

## ચાણસદ ગામના રોડ પર આવી ચઢેલા મગરના બચ્ચાને પણ પકડી સુરક્ષિત સ્થળે છોડી દેવાયું

સોખડા - દરાપુરા ગામ વચ્ચેની નાની નર્મદા કેનલમાં એક મગર દેખાતાં પ્રાણી જીવરક્ષક સંસ્થાને જાણ કરાતા તેમની ટીમ કેનાલ પર પહોચી ગઈ હતી. તેમજ ભારે જહેમત બાદ ૮ ફૂટ લાંબા મગરને પાંજરે પૂરવામાં સફળતાં મેળવી હતી. જ્યારે ડબકા અને પાવડા ગામ વચ્ચે ખેતરમાં આવી ચઢેલા એક વિશાળ અજગરને પગલે ખેતરમાં કામ કરતાં મજૂરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જે બાબતે પ્રાણી જીવરક્ષક સંસ્થા અને વન વિભાગને જાણ કરાતા બંનેની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. તેમજ અજગરનું રેસ્ક્યુ કરાયું હતુ. આ બંને જીવને બાદમાં પાદરા વન વિભાગને સોંપી દેવાયા હતા. આ સિવાય ચાણસદ અને ભાણપુર ગામે માર્ગ અને રેણાંક વિસ્તારમાં આવી ચઢેલા મગરના બચ્ચાને પણ રેસક્યૂ કરી સુરક્ષિત જગ્યાએ છોડી દેવાયા હતાં.



સંજેલીની મહંમદિકાય આંગણવાડી પાસે વરસાદી પાણી ગંદકીના કારણે લોકોને મુશ્કેલી પડી રહી છે. (તસવીરઃશેતલ કોઠારી)

# સંજેલી મહંમદિયા આંગણવાડી પાસે વરસાદના ગંદા પાણી ભરાઈ જતાં હાલાકી

દાહોદ તા.૧૮

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં રોડ ગટરના અભાવના કારણે ચારે બાજુ કાદવ -કિચડ થઈ ગયા હતા.જ્યારે નીચાણવાળી અનેક જગ્યાએ ગંદા પાણી ફરી વળ્યા હતા.

## ગટરની વ્યવસ્થા ન હોવાના કારણે ઠેર ઠેર નીચાણવાળી જગ્યામાં પાણી ભરાયા : અનેકવાર રજૂઆત કરાઈ, તંત્ર દ્વારા સમસ્યાનો ઉકેલ કરાયો નથી

સંજેલી નગરમાં ગટરની વ્યવસ્થા નહીં હોવાથી નીચાણવાળી જગ્યા ઉપર ગંદા પાણી ભરાઈ રહેતા પેટ્રોલ પંપ,મામલતદાર ક્વાર્ટર મહમદિયા, આંગણવાડી સહિત ઠેર ઠેર ગંદા પાણી ભરાઈ ગયા હતા.સંજેલી મહમદિયા આંગણવાડી કેન્દ્રમાં ગંદા પાણીનું રેલમછેલ અને આજુબાજુ ગંદકી ગદબદી રહી છે.નાના બાળકો કાદવ કિચડ અને ગંદકીમાંથી પસાર થતાં હોવાથી રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. ગંદકી અને ગંદા પાણી આંગણવાડીમાં ભરાઈ જતાં અગાઉ અનેક વખત મામલતદાર સહિત તાલુકા વિકાસ અધિકારી ,સંજેલી પંચાયતને પણ લેખિત અને મૌખિક રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા સમસ્યાનો યોગ્ય નિકાલ કર્યો નથી. આંગણવાડી કેન્દ્રની આજુબાજુ ગંદકી તેમજ કચરો અને ગંદા પાણી વહેલી તકે સાફ-સફાઈની વ્યવસ્થા કરે તેવી સંજેલી પંચાયતને આંગણવાડી વર્કર દ્વારા સંજેલી પંચાયતને લેખિત રજૂઆત કરી છે.જો આ ગંદકી અને ગંદા પાણીનો યોગ્ય રીતે નિકાલ નહીં કરે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ફરજ પડશે.

### હાલોલ નગર પાલિકાની ચેમ્બરમાં

# ચીફ ઓફિસર અને માજી કોર્પોરેટર વચ્ચે તું તું મેં મેં..અને ઝપાઝપી થઈ

હાલોલ તા.૧૮

હાલોલ નગર પાલિકાના ચીફ ઓફિસ અને માજી કોર્પોરેટર વચ્ચે તું તુ મે મે અને ઝપાઝપી થઈ હતી.આ બનાવમાં ચીફ ઓફિસરને હાથની એક આંગળીમાં સામાન્ય ઈજા થતાં હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર કરાવી હતી.

## ચીફ ઓફિસરને સામાન્ય ઈજા થતાં દવાખાને સારવાર કરાઈ

આજે હાલોલ નગર પાલિકાના મહિલા ચીફ ઓફિસર હિરલ બેન ઠાકર તેમની ફરજ પર હાજર હતા.તે સમયે પોતાની ચેમ્બરમાં બેસી સ્વાગતના પ્રશ્નોની અગત્ય વિગતો એકત્રિત કરી ફાઈલો તૈયાર કરી રહ્યા હતા.તે દરમિયાન હાલોલ નગર પાલિકા વોર્ડ નં.૧ ના માજી કોર્પોરેટર દેવકરણભાઈ ગઢવી તેમની ચેમ્બરમાં આવ્યા હતા.તેઓની કેટલીક રજૂઆતો અંગે વાત કરવાનો પ્રયત્ન કરતા ચીફ ઓફિસરે જણાવ્યું હતુ કે હાલ અગત્યનું કામ ચાલે છે,તમે પછી આવો તેમ કહેતા માજી કોર્પોરેટર દેવકરણભાઈએ મહિલા ચીફ ઓફિસરને જણાવ્યુ કે તમારે મારી રજૂઆત સાંભળવી પડશે,તેમ કહી તેમની ચેમ્બરમાં બેસી ગયા હતા.જેથી ચીફ ઓફિસરે ઉભા થઈ ચેમ્બરની બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો હતો.તે દરમિયાન માજી કોર્પોરેટર દેવકરણ ભાઈ ગઢવીએ તેમની સાથે ઝપાઝપી કરી હતી કે કેમ ચીફ ઓફિસરે જણાવ્યુ હતુ કે,આ ઝપાઝપી સમયે ચીફ ઓફિસરને હાથની આંગળીમાં ઈજા થતાં હાલોલ રેફરલ હોસ્પિટલમાં પહોંચી સારવાર કરાવી હાલોલ ટાઉન પોલીસ મથકમાં માજી કોર્પોરેટર સામે ફરિયાદ નોંધાવવા પહોચ્યા હતા. આ બાબતે માજી કોર્પોરેટર દેવકરણભાઈ ગઢવીએ જણાવ્યુ કે મારા વોર્ડ નં.૧ માં ડોર ટુ ડોર કચરો લેવા આવતું ટ્રેક્ટર અનિયમિત આવે છે.પાણી પણ આવતું નથી.જે અંગે હું ફોન કરું છું,ત્યારે ચીફ ઓફિસર મારો ફોન રિસીવ કરતા નથી.કે ઓફિસમાં મળતા નથી. જેથી આજે તેઓ ઓફિસમાં હોઈ હું તેમને રજૂઆત કરવા ગયો હતો. તેમની ચેમ્બરમાં પહોંચતા જ ચીફ ઓફિસરે મને

(અનુસંધાન બીજા પાને)


**POLYCAB**

IDEAS. CONNECTED.

## POLYCAB INDIA LIMITED

**Registered Office :** Unit 4, Plot Number 105, Halol Vadodara Road, Village Nurpura, Taluka Halol, Panchmahal, Gujarat 389350
**Corporate Office :** #29, The Ruby, 21st Floor, Senapati Bapat Marg, Tulsi Pipe Road, Dadar (West), Mumbai -400028
**CIN :** L31300GJ1996PLC114183; **Tel.:** +91 22 67351400; **Website :** www.polycab.com; **E-mail :** shares@polycab.com

### CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30 JUNE 2024

(₹ Million, except per share data)

| Particulars | Quarter ended | | | Year ended |
|---|---|---|---|---|
| | 30 Jun 24 | 31 Mar 24 | 30 Jun 23 | 31 Mar 24 |
| | Unaudited | Audited | Unaudited Restated | Audited |
| Total Income from operations | 47,564.35 | 56,457.33 | 39,533.80 | 1,82,603.19 |
| Net profit for the period before tax | 5,333.68 | 7,252.61 | 5,304.92 | 23,593.00 |
| Net profit for the period after tax | 4,016.19 | 5,534.77 | 4,031.62 | 18,029.17 |
| Total Comprehensive Income for the period (Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)) | 3,924.44 | 5,515.12 | 3,900.62 | 17,926.68 |
| Equity Share Capital (Face value of ₹10/- each) | 1,502.95 | 1,502.36 | 1,498.65 | 1,502.36 |
| Reserves as shown in the Audited Balance Sheet | | | | 80,368.98 |
| Earnings Per Share (Face value of ₹ 10/- each) # | | | | |
| a) Basic | 26.35 | 36.37 | 26.68 | 118.93 |
| b) Diluted | 26.26 | 36.26 | 26.60 | 118.49 |

# not annualised for quarters

**Notes**

1) The above consolidated financials results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 18 July 2024.
2) Additional information of standalone financial results are as follows:

(₹ Million)

| Particulars | Quarter ended | | | Year ended |
|---|---|---|---|---|
| | 30 Jun 24 | 31 Mar 24 | 30 Jun 23 | 31 Mar 24 |
| | Unaudited | Audited | Unaudited Restated | Audited |
| Total Income from operations | 46,612.03 | 54,847.49 | 39,134.55 | 1,82,706.77 |
| Net profit for the period before tax | 5,147.36 | 6,028.95 | 5,290.54 | 23,187.11 |
| Net profit for the period after tax | 3,876.68 | 4,581.44 | 4,024.83 | 17,696.67 |

3) The above is an extract of the detailed format of quarterly/ yearly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. For full format of the quarterly financial results, visit Stock Exchanges website (www.bseindia.com, www.nseindia.com), Company website (www.polycab.com) or scan below QR code.

Place : Mumbai
Date : 18 July 2024

For and on behalf of the Board
Inder T. Jaisinghani
Chairman & Managing Director
DIN : 00309108